ફેબ્રુઆરી ૨૦૨૬

# અક્રમ એક્સપ્રેસ



# આપણે તો મૂર્ખામી નથી કરતા ને ?!

## સંપાદકીય

બાળમિત્રો,

પરીક્ષામાં અર્જુનને ઘણા પ્રશ્નોના જવાબ નહોતા આવડતા. ટીચરનું ધ્યાન નહોતું, ત્યારે એણે એના ફ્રેન્ડના પેપરમાંથી જવાબ કૉપી કરી લીધા અને સારા માર્ક્સ લઈ આવ્યો. પણ આ હોંશિયારી કહેવાય કે મૂર્ખતા ? અપ્રમાણિક થવું એ શરૂઆતમાં હોંશિયારી જેવું લાગે. પણ એના જેવી મોટી મૂર્ખતા કોઈ નથી. જ્યારે બીજી પરીક્ષામાં એને જવાબ નહીં આવડે ત્યારે એ શું કરશે ? ટીચર પકડશે ત્યારે ? સજા થશે ત્યારે ?

એટલે જ, અપ્રમાણિકતાનો શૉર્ટ કટ લઈએ, તો લાંબા ગાળે દુઃખી જ થવું પડે. ચાલો, જ્ઞાનીની દૃષ્ટીએ પ્રમાણિકતાને સમજીએ.

આયુષે કયો રસ્તો અપનાવ્યો ? બીરબલે ચોરને કેવી રીતે પકડ્યો ? વિમલ મંત્રીની નીતિ, લીલીની પ્રમાણિકતા અને સાથે સાથે આલુ-ચીલીની વાર્તા પણ આગળ માણીએ.

- ડિમ્પલ મહેતા


અક્રમ એક્સપ્રેસ

February, 2026
Year 18, Issue : 06
Conti. Issue No.: 210
Published Monthly



સંપર્ક સૂત્રઃ
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ. પો. - અડાલજ,
જી. ગાંધીનગર - ૩૮૨૪૨૧, ગુજરાત.
ફોન : 9328661166/77
Email: akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



Editor: Dimple Mehta
Published by Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist.- Gandhinagar.



© 2026, Dada Bhagwan Foundation
All Rights Reserved



Price Per Copy: NIL

# જ્ઞાનીઓ કહે છે...



પૂછ્યા વગર લઈએ એને ચોરી કહેવાય છે. ઘણા છોકરાંઓ એવા હોય, કે ઘરમાંથી મમ્મી શાકભાજી લાવવા મોકલે, તો લઈ આવે ખરા. પણ બચેલા પૈસાનો હિસાબ જ આપે નહીં. એ પૈસા પછી ખાવા-પીવામાં, બીજા-ત્રીજામાં વાપરી કાઢે. આ પણ ચોરી કહેવાય. ચોરી કરતા પકડાય તો શું થાય ? સંસ્કારી લોકો કશું આવું ખોટું કામ ના કરે. આપણી વસ્તુ કોઈ ઉઠાવી જાય તો ગમતું નથી, તો કોઈની વસ્તુ આપણાથી કેમ લેવાય ? આટલા સંસ્કાર આવે, તો બહુ ઊંચી માનવતા કહેવાય.



ધંધામાં માપ ઓછું કરે, ભેળસેળ કરીને આપે, એકને બદલે બીજું આપી દે એ બધું અપ્રમાણિકતા કહેવાય. જે ખોટું કામ કરીને પૈસા મેળવે છે એને ખબર નથી, કે આવતે ભવ શી દશા થશે. બે પગમાંથી ચાર પગમાં જવું પડશે. ડિસઑનેસ્ટી ઈસ ધ બેસ્ટ ફુલિશનેસ. (અપ્રમાણિકતા એ સહુથી મોટી મૂર્ખતા છે)

જો નીતિ, પ્રમાણિકતા સાચવીએ, તો ધીમે ધીમે પુણ્ય એવું બંધાય, કે મોક્ષમાર્ગની લિંક પૂરી થાય. પ્રમાણિક રહેશે તો અંદર શાંતિ રહેશે, સંતોષ રહેશે. જૂઠું ના બોલે તો લોકોને વિશ્વાસ આવે, કે આ જે કહે છે, એ સાચું જ હોય છે. કોઈ દહાડો જૂઠું નથી બોલતા. માણસની કિંમત થાય.

આપણે નક્કી કરવાનું, કે કોઈને દુઃખ આપવું નથી, ચોરી કરવી નથી, ખોટું બોલવું નથી. થઈ ગયું તો પ્રતિક્રમણ કરવાનું.

# ચૉકોબઝ ચૉકલેટ

આયુષે હર્ષને ફ્રિજમાં કંઈક મૂકતા જોયો. હર્ષ ત્યાંથી ખસ્યો, કે તરત જ આયુષે ફ્રિજ ખોલ્યું. અરે, આ તો એ જ ચૉકલેટ હતી, જે થોડા દિવસ પહેલા એણે હરિકાકાની દુકાને જોઈ હતી. બ્લૂ કલરનું ચળકતું રૅપર, એની ઉપર ગ્રીન અને ઑરેન્જ કલરના સ્ટાર્સ હતા. રૅપર ઉપર મોટા અક્ષરે લખ્યું હતું - ચૉકોબઝ. આયુષે ચૉકલેટ હાથમાં લીધી અને સૂંઘી. એને મસ્ત મજાની ચૉકલેટી સુગંધ આવી.

હરિકાકાની દુકાને જ્યારે આ ચૉકલેટ જોઈ હતી, ત્યારે આયુષને બહુ જ ગમી ગઈ હતી. અને આજે એ ચૉકલેટ એના જ ઘરમાં, એના જ ફ્રિજમાં હતી. પણ આમ જોવા જઈએ, તો આ ઘર કે ફ્રિજ એનું ક્યાં હતું ? આનંદાલય અનાથાશ્રમમાં રહેતા આયુષને તો ખબર જ નહોતી, કે 'પોતાનું ઘર' એટલે શું ! એના મિત્ર હર્ષને મળવા આજે એક અંકલ-આન્ટી આવ્યા હતા. અને એ હર્ષ માટે 'ચૉકોબઝ ચૉકલેટ' લાવ્યા હતા.



આયુષ ચૉકલેટનું રૅપર ફાડવા જતો જ હતો, ત્યાં તો એક અવાજ આવ્યો અને એ ભડકી ગયો. 'આયુષ, આ હર્ષની ચૉકલેટ છે ને બેટા !'

પાછળ વળીને જોયું, તો રોઝી મેડમ અદબ વાળીને ઊભા હતા.

'પણ, મેડમ હું તો ખાલી એક જ બાઈટ ચાખવાનો હતો', આયુષે ધીમા અવાજે કહ્યું.

'તે હર્ષને પૂછ્યું છે ?' મેડમે પ્રશ્ન કર્યો.

'ના', આયુષે કહ્યું.

'તારી વસ્તુ કોઈ તને પૂછ્યા વગર લઈ લે તો તને ગમે ?' મેડમે પૂછ્યું. પણ આયુષે કંઈ જવાબ ના આપ્યો.

'જો તને પૂછ્યા વગર, તારી વસ્તુ કોઈ લઈ લે, એ તને ના ગમે, તો તારે કોઈની વસ્તુ પૂછ્યા વગર લેવાય ?' બસ, આટલું કહીને રોઝી મેડમ ત્યાંથી જતા રહ્યા. આયુષે ચૉકલેટ ફ્રિજમાં પાછી મૂકી દીધી.

ચૉકલેટ તો ફ્રિજમાં મૂકાઈ ગઈ. પણ ચૉકલેટ ખાવાનો વિચાર નહીં. તે સાંજે આયુષે ચૉકોબઝ ચૉકલેટની ઍડ ટી.વી પર જોઈ અને એને મન થયું કે એ ટી.વી. સ્ક્રીનની અંદર હાથ નાખીને ચૉકલેટ લઈ લે અને પોતાના મોઢામાં મૂકી દે.


પણ એ તો શક્ય નહોતું. એ ઉદાસ બેઠો હતો. ત્યાં જ રોઝી મેડમ ટી.વી. રૂમમાં આવ્યા. ટી.વી બંધ કરીને બધાને કહ્યું, 'ચાલો,



ટી.વી ટાઈમ પૂરો થઈ ગયો. બધા હોમવર્ક કરવા જાઓ.' અને આયુષને કહ્યું, 'બેટા, હોમવર્ક કરવા બેસે, એ પહેલા બજારમાંથી વીસ રૂપિયાના લીંબુ લઈ આવીશ ?'

આયુષની ઉંમર ભલે દસ વર્ષની હતી, પણ બધા બાળકોમાં એ સૌથી મોટો હતો. એટલે ક્યારેક નાની-મોટી ખરીદી કરવાની હોય, તો મેડમ આયુષને જ સોંપતા અને આયુષ ખુશી ખુશી જવાબદારીપૂર્વક કામ કરતો.

શાકભાજીની દુકાન નજીક જ હતી. એ શાકભાજીની દુકાન તરફ જવા નીકળ્યો, પણ ખબર નહીં, કેવી રીતે એના પગ હરિકાકાની દુકાન તરફ જતા રહ્યા. હિંમત કરીને એણે ત્યાંથી ચૉકલેટ ઉઠાવી અને કિંમત વાંચી, પૂરા પચાસ રૂપિયા. કિંમત જોઈને એ નિરાશ થઈ ગયો. આટલા બધા રૂપિયા એ ક્યાંથી લાવે ?



ચૉકલેટ પાછી મૂકીને એ લીંબુ ખરીદવા ગયો. એણે પચાસની નોટ આપી. શાકવાળા બહેને વીસ રૂપિયાના લીંબુ આપીને ત્રીસ રૂપિયા પાછા આપ્યા.

ઘરે આવીને આયુષ રોઝી મેડમને છૂટા પૈસા આપવા જતો જ હતો, ત્યાં તો રોઝી મેડમનો ફોન વાગ્યો. એમણે આયુષને કહ્યું, 'બેટા, બાકીના પૈસા ગલ્લામાં મૂકી દે.' આયુષે ગલ્લામાં પૈસા મૂકવા હાથ લંબાવ્યો. અને અચાનક એને ચૉકોબઝ ચૉકલેટ યાદ આવી અને એનો હાથ ધ્રુજવા લાગ્યો. એણે આજુબાજુ જોયું, દસ રૂપિયાની નોટ એણે ગલ્લામાં મૂકી અને વીસ રૂપિયા પાછા પોતાના ખિસ્સામાં મૂકી દીધા. એ પાછળ ફર્યો, તો જોયું કે રોઝી મેડમ સામે જ ઊભા હતા. આયુષ સખત ગભરાઈ ગયો. એનું દિલ જોરથી ધડકવા લાગ્યું. 'શું મેડમ જોઈ ગયા હશે ?' એનો શ્વાસ અદ્ધર થઈ ગયો.



ત્યાં જ મેડમે હસીને પૂછ્યું, 'પૈસા મૂકી દીધા બેટા ?'

આયુષે રાહતનો શ્વાસ લીધો અને કશું બોલ્યા વગર ફક્ત માથું હલાવીને 'હા' કહ્યું અને ચૂપચાપ ત્યાંથી નીકળી ગયો.

બે-ત્રણ અઠવાડિયા વીત્યા. આયુષ રાહ જોઈને જ બેઠો હતો, કે

મેડમ ફરી ક્યારે એને બજારમાં વસ્તુઓ ખરીદવા મોકલે. એટલે જ્યારે મેડમે એને બજારમાંથી ટૂથ પેસ્ટ અને સાબુ લેવા મોકલ્યો, ત્યારે એ એટલો ખુશ થઈ ગયો, કે એની ખુશી જોઈને મેડમને પણ નવાઈ લાગી.

વસ્તુઓ ઠેકાણે મૂકીને એણે મેડમને કહ્યું, 'બાકીના પૈસા ગલ્લામાં મૂકી દીધા છે.'

મેડમે કડક અવાજમાં કહ્યું, 'પૂછ્યા વગર ? હવે ના મૂકીશ. છૂટા પૈસા મને હાથમાં જ આપજે.' આયુષે ધીમા અવાજે કહ્યું, 'ઓકે મેડમ, ભૂલ થઈ ગઈ.'

પણ ખરી રીતે આયુષને પોતાની ભૂલ સમજાઈ નહોતી. એને તો ફક્ત ખિસ્સામાં રાખેલા પચાસ રૂપિયા અને હરિકાકાની દુકાનમાં ચૉકોબઝ ચૉકલેટ જ દેખાતી હતી.

રવિવારની બપોર હતી. રોઝી મેડમ આરામ કરી રહ્યા હતા. આયુષ ચૂપચાપ બહાર નીકળીને હરિકાકાની દુકાને પહોંચી ગયો. કાચના કબાટમાંથી ચૉકલેટ કાઢીને એણે હરિકાકા સામે મૂકી અને ખિસ્સામાંથી પચાસ રૂપિયા કાઢીને એમના હાથમાં આપ્યા.

હરિકાકાએ ચૉકલેટનો ભાવ વાંચ્યો અને કહ્યું, 'બેટા, આ ચૉકલેટ તો સાંઈઠ રૂપિયાની છે.'



આયુષે ફટ્ટ દઈને ચૉકલેટ હાથમાં લીધી અને કિંમત વાંચી. કિંમત વધી ગઈ હતી. આયુષ ખૂબ નિરાશ થઈ ગયો.

આયુષ દુકાનની બહાર નીકળીને, એક બેન્ચ પર મોઢું લટકાવીને બેઠો હતો. ત્યાં તો એક આન્ટી આવ્યા અને એમણે એમની બૅગ આયુષની બાજુમાં મૂકી. એમણે આયુષને કહ્યું, 'બેટા, દુકાનમાંથી એક વસ્તુ લેવાની ભૂલાઈ ગઈ છે. મારી બૅગનું ધ્યાન રાખજે ને.' આમ કહીને એ દુકાનમાં ગયા.

આયુષની નજર આન્ટીની બૅગ પર ગઈ. સામાનની વચ્ચેથી એને ચળકતી ચૉકોબઝ ચૉકલેટ બહાર ડોકિયું કરતી દેખાઈ. આયુષે આંખો ચોળી ફરી જોયું. હા, આ તો એ જ ચૉકલેટ છે ! આન્ટી દુકાનમાં હતા, આસપાસ કોઈ નહોતું. આયુષ પાસે અત્યારે ખરેખર ચાન્સ હતો કે એ ચૉકલેટ કાઢી લે. થોડી વાર રહીને આન્ટી પાછા આવ્યા. આયુષ એમની સામે ફિક્કું હસ્યો



અને અનાથાશ્રમ તરફ ચાલવા લાગ્યો. એ પોતાની રૂમમાં પહોંચ્યો જ હતો, કે એને રોઝી મેડમનો અવાજ આવ્યો. મેડમે બધા જ બાળકોને ડાઈનિંગ હૉલમાં બોલાવ્યા.

આયુષ પણ ડાઈનિંગ હૉલમાં પહોંચ્યો. દુકાનવાળા આન્ટીને પોતાના ડાઈનિંગ હૉલમાં જોઈને અની નવાઈનો પાર ના રહ્યો. 'આન્ટી અહીં શું કરે છે ?' આયુષ આગળ કંઈ વિચારે એ પહેલા રોઝી મેડમે એમનો પરિચય આપ્યો. 'બાળકો, આ ઈલા આન્ટી છે. આન્ટી તમને એક બહુ જ સરસ વિડીયો દેખાડશે.'

'પણ પહેલા હું તમને બધાને એક સરસ મજાની ચૉકલેટ આપીશ.' એમ કહી ઈલા આન્ટીએ બૅગમાંથી બાળકો માટે ચૉકોબઝ ચૉકલેટ્સ કાઢી. આયુષની આંખો પહોળી થઈ ગઈ અને દિલમાં 'હાશ' થઈ. જો દુકાનની બહાર આયુષે આન્ટીની બૅગમાંથી ચૉકલેટ કાઢી લીધી હોત, તો અત્યારે એના શું હાલ થયા હોત ! એ પકડાઈ ગયો હોત, રોઝી મેડમનો માર પડ્યો હોત અને ફ્રેન્ડ્સ એને

'ચોર ચોર' કહીને ચીડવતા હોત ! ચોરી ના કરી તો સામેથી ચૉકલેટ આવીને મળી અને ચોરી છૂપે પૈસા ભેગા કર્યા ત્યારે... ?!!

આન્ટી ગયા એટલે આયુષ રોઝી મેડમના રૂમમાં ગયો અને એમને પચાસ રૂપિયા હાથમાં આપ્યા. હિંમત કરીને એણે કહ્યું, 'સૉરી મેડમ. ચૉકલેટ ખરીદવા માટે મેં છૂટા પૈસા મારી પાસે રાખી લીધા હતા.'

મેડમે એની સામે જોયું. થોડી વાર કશું બોલ્યા નહીં. પછી આયુષને પોતાની પાસે બેસાડ્યો અને પૂછ્યું, 'તો પાછા કેમ આપે છે. મને તો ખબર જ ના પડત કે તે રાખી લીધા છે.'

'પણ મને તો ખબર હતી ને. એટલે પકડાઈ જવાનો ડર મને રહ્યા જ કરતો હતો', આયુષે કહ્યું.

મેડમ હસ્યા અને એના માથે હાથ ફેરવીને કહ્યું, 'બેટા, ખોટું કરતા એટલું ડરજે, કે ક્યારેય ખોટું થાય જ નહીં. તો પછી પકડાઈ જવાનો ડર લાગશે જ નહીં !'



# આ તો નવી જ જ વાત !




પ્રમાણિકતા એટલે કોઈનું કંઈ પણ ખોટું આપણા ઘરમાં ના આવે એ રીતે રહેવું.




પ્રમાણિકપણું હોય તો ભય ના રહે એને !



ડિસઑનેસ્ટીના (અપ્રમાણિકતા) પશ્ચાત્તાપ કર. પશ્ચાત્તાપ કરનાર માણસ ઑનેસ્ટ છે એ નક્કી છે.



# ઐતિહાસિક ગૌરવગાથા

યુદ્ધ લડ્યા બાદ ગુજરાતના સેનાપતિ વિમલને ખૂબ પસ્તાવો થયો. એક દિવસ એમણે એક આચાર્યનું વ્યાખ્યાન સાંભળ્યું. આચાર્યશ્રીએ વિમલને જણાવ્યું, 'તું આબુ તીર્થનો ઉદ્ધાર કર. એમ કરવાથી તારા પાપોનો નાશ થશે.'

એ પછી એમણે અંબિકા માતાની આરાધના કરી. ત્યારે અંબિકા માતાએ પ્રસન્ન થઈ વરદાન માંગવાનું કહ્યું. વિમલ મંત્રીએ કહ્યું, 'મને પુત્ર પ્રાપ્ત થાય અને આબુ તીર્થનો ઉદ્ધાર કરવાની શક્તિ મળે.' દેવીએ કહ્યું, 'તારી બે ઈચ્છાઓમાંથી એક જ પૂરી થશે. માટે બેમાંથી એકની માંગણી કર.' વિમલ મંત્રીએ તીર્થનો ઉદ્ધાર કરવાની માંગણી કરી. અંબિકા માતાએ 'તથાસ્તુ' કહ્યું.



વિમલ મંત્રીએ આબુ ઉપર દેરાસર બનાવવાનું નક્કી કર્યું. એ સમયે આબુ ઉપર બ્રાહ્મણોની વસ્તી હતી. તેઓ એ જમીન પર જૈન મંદિર બંધાવવા માટે વિરોધ કરતા હતા. તેથી જમીન મેળવવાનું કામ મુશ્કેલ હતું.

એ સમયે લોકોની એવી માન્યતા હતી, કે વર્ષો પહેલા એ જ જગ્યા પર જૈન તીર્થ હતું. પણ તેનો કોઈ પુરાવો નહોતો. એક દિવસ વિમલ મંત્રીને સ્વપ્ન આવ્યું, કે ચંપાના ઝાડ નીચે ખાડો ખોદવાથી પુરાવો મળશે. વિમલ મંત્રીએ સ્વપ્ન મુજબ કરી જોયું, તો ત્યાં ભગવાન ઋષભદેવની પ્રતિમા મળી.

આ જોઈને બ્રાહ્મણો નરમ પડ્યા. તેઓ જમીન આપવા તૈયાર તો થયા, પણ કિંમત ખૂબ વધારે માંગી. બ્રાહ્મણોએ માંગ્યું, કે જેટલી જમીન જોઈએ છે, તેટલી જમીન પર સોનામહોર પાથરીને કિંમત ચૂકવો.



વિમલ મંત્રી તરત તૈયાર થઈ ગયા. કોથળા ભરીને સોનામહોરો આવી. જમીન પર પાથરવાનું શરૂ કરવામાં આવ્યું. તે જ વખતે વિમલ મંત્રીને વિચાર આવ્યો, કે 'આ તો હું અનિતી કરી રહ્યો છું. સોનામહોર તો ગોળ છે. એટલે જમીન પર પાથરતા થોડીક થોડીક જગ્યા તો સોનામહોર વગરની રહેશે જ. એટલી જગ્યા પણ અનીતિથી (કિંમત આપ્યા વગર) કેમ લેવાય ? તરત જ એમણે સોનામહોરો રાજભંડારમાં પાછી મોકલી અને ખાસ નવી ચોરસ સોનામહોરો તૈયાર કરાવી. એ સોનામહોર પાથરીને પછી જમીન ખરીદી.

વિમલ મંત્રીની કેવી ગજબની નીતિ કહેવાય ! બ્રાહ્મણોને તો ખ્યાલ પણ નહોતો, કે ચોરસ સોનામહોરો હોવી જોઈએ. પણ પોતાના તરફથી કોઈ રીતે ઓછી કિંમત ના ચૂકવાઈ જાય એવો ખ્યાલ વિમલ મંત્રીએ રાખ્યો.



# My Creation

ફિશ બાઉલ બનવા માટે ચિત્રની પ્રિન્ટ કાઢો.


→ ફિશ બાઉલમાં કલર કરો અને બહારની ડોટેડ લાઈન મુજબ કાપો.







→ માછલીઓને સુંદર રીતે કલર કરી ડોટેડ લાઈન મુજબ કાપી લો.





→ ચિત્ર પ્રમાણે માછલીને વાળી અને ગુંદરથી ચોંટાડી દો.





→ તૈયાર માછલીઓને ફિશ બાઉલની અંદર ગુંદરથી ચોંટાડો.

# AALOO CHILLY

આલુ-ચીલીની અત્યાર સુધીની વાર્તા એક સાથે વાંચવા...
Click Here : https://dbf.adalaj.org/R32d924x

આખા જંગલમાં ચીલીને શોધીને આખરે આલુ હારીને ઘરે આવે છે. ત્યારે આલુને પોતાના જ ઘરે ચીલી મળે છે. આલુના બધા લાડુ ખાઈને, આલુના રૂમમાં જ એ શાંતિથી સૂઈ ગયો છે. હવે આગળ...

આ મા શું કહે છે ? ચીલી અહીંયા છે !
હું દોડીને અંદર ગયો, તો સાચે એ મારા પલંગ પર જ હતો.



અહીંયા મારી ઊંઘ ને ભૂખ બધું મરી ગયું હતું અને એ શાંતિથી મારા જ પલંગ પર સૂતો હતો ! પણ ચીલી મળી ગયો. મને એને જોઈને એટલી ખુશી થઈ, કે હું જઈને જોરથી એની પર કૂદયો.

'ઓ મમ્મી, મારું પેટ દબાઈ ગયું.' કરીને એ ઊઠી ગયો અને પછી બોલ્યો, 'હું તારી સાથે વાત નથી કરતો, તું અહીંયાથી જતો રહે !'

મેં એને કહ્યું, 'તું મારા ઘરમાં છે. તું મારી સાથે વાત નથી કરતો, તો અહીંયા શું કરે છે ?' તો મને કહે, 'પાર્સલીનું મોઢું મારે નહોતું જોવું. એટલે ઘરે ના ગયો ને મને ભૂખ લાગી હતી. એટલે હું ખાવા આવ્યો હતો અને ખાઈને ક્યારે ઊંઘ આવી ગઈ એ ખબર જ ના પડી !'



પછી ખબર નહીં શું થયું, કે ફરીથી એ ચૂપ થઈ ગયો ને એની આંખમાં પાણી આવી ગયા. મેં એની બાજુમાં બેસીને એને પૂછ્યું, 'ચીલી, શું વિચારે છે ?'

તો આંખમાં મોટા મોટા આંસુ સાથે એ બોલ્યો, 'આલુ, હું હારી ગયો. એ પણ કોકોથી. હું વર્લ્ડનો બેસ્ટ સિંગર બનવા માગતો હતો ને હું તો જંગલનો પણ બેસ્ટ સિંગર ના બની શક્યો !'

પછી અચાનક અકળાતા બોલ્યો, 'આ બધું કોકોના કારણે જ થયું. એણે તારી ને મારી ફ્રેન્ડશિપ તોડાવી દીધી અને એટલે મેં સૉંગ બદલી નાખ્યું અને એટલે જ હું હાર્યો.'



હવે એ લાલ થવા માંડ્યો હતો, 'એ કોકો... ખબર નહીં પોતાની જાતને શું સમજે છે ! આવડતું તો કંઈ નથી. મને તો લાગે છે, જજની પાસે પણ એણે ચાપલૂસી (બટરીંગ) કરી હશે ! અને તું પણ શું કોકો કોકો કરતો હતો ! તારો બેસ્ટ ફ્રેન્ડ તો હું છું ! તો તારે કોકોને એવું થોડું કહેવાય, કે એ જ જીતશે !' કહીને એણે મને જોરથી ચાંચ મારી. 'આ...હ' હું હજુ કંઈ કહું ત્યાં તો એ રૂમમાં ગોળ ગોળ આંટા મારવા લાગ્યો ને કહેવા લાગ્યો, કે 'આલુ, મને ફરીથી બધું ગરમ ગરમ લાગે છે. મને શું થાય છે ? મારા પિંછા બળી જશે. આલુ, આ બંધ થાય એવું કંઈક કર.'

**શું તમને ખબર છે, કે ચીલીને જે ગરમ ગરમ લાગે છે એને શું કહેવાય ? અને સાથે સાથે એને આ ગરમ ગરમ લાગતું બંધ થાય એની માટે શું કરી શકાય, એ પણ કહેજો. જવાબ સાથે તમારો ફોટો, નામ અને સીટી આ ૯૩૧૩૬૬૫૫૬૨ પર મોકલો. પહેલા ૫ સાચા જવાબ આપનાર વિજેતા આવતા અંકમાં જાહેર થશે.**

**Hint:** જવાબ મેળવવા માટે અગાઉના ચેપ્ટર વાંચો.
**Click Here :** https://dbf.adalaj.org/R32d924x

# ચાલો રમીએ...





**એક સરખા દેખાતા ચિત્રમાંથી ૧૦ તફાવત શોધો.**

# જાદુઈ લાકડી

અકબર બાદશાહ એમના દરબારમાં બેઠા બેઠા પ્રજાની મુશ્કેલીઓ વિશે મંત્રીઓ સાથે ચર્ચા કરી રહ્યા હતા. ત્યાં અચાનક એક વેપારી દરબારમાં આવી ચડ્યો.




'રાજાજી, મારી મદદ કરો. મારી જીવનભરની કમાણી ચોરી થઈ ગઈ છે.' વેપારીએ હાથ જોડીને કહ્યું, 'પાંચ નોકરોને ઘર સોંપીને હું થોડા દિવસ માટે વિદેશ ગયો હતો. પાછો આવ્યો ત્યારે તિજોરીમાં રાખેલું બધું જ ધન ગાયબ થઈ ગયું હતું.'



'તમને કોઈ પર શંકા છે ?' રાજાએ પૂછ્યું. 'નોકરો કહે છે, કે ઘરમાં કોઈ દાખલ થયું જ નથી. તો પછી ધન ગયું ક્યાં ? નક્કી પાંચમાંથી એક નોકરે જ આ ચોરી કરી છે.' વેપારીએ જણાવ્યું.



ચોરને શોધી કાઢવાનું કામ રાજાએ બીરબલને સોંપ્યું. બીરબલે પાંચેય નોકરોને દરબારમાં બોલાવ્યા અને પૂછ્યું, 'સાચેસાચું કહી દો, કોણે આ ચોરી કરી છે ? અત્યારે સાચું કહીને ધન પાછું આપી દેશો, તો હું તમને રાજા પાસે માફી અપાવી દઈશ.' પણ કોઈએ કશું કબૂલ કર્યું નહીં.



બીરબલે ફરી કહ્યું, 'ડાહ્યા થઈને કહી દો. નહિતર આ મૂર્ખામીની સજા ભારે પડશે.' છતાંય બધાય ચૂપ રહ્યા. છેવટે બીરબલે હાથમાં એક સરખી પાંચ લાકડીઓ લીધી. ફૂંક મારીને એક-એક લાકડી પાંચેયના હાથમાં આપી.






ત્યાર બાદ બીરબલે કહ્યું, ‘આ લાકડીઓ જાદુઈ છે. ચોરની લાકડી કાલ સવારે એક વેંત લાંબી થઈ જશે અને ચોર પકડાઈ જશે. જેણે ચોરી નહીં કરી હોય એની લાકડી જેટલી છે એટલી જ રહેશે. હવે કાલે સવારે આપણે દરબારમાં મળીશું.’



નોકરોને બહુ જ નવાઈ લાગી. આવી જાદુઈ લાકડીઓ વિષે કોઈએ ક્યારેય સાંભળ્યું જ નહોતું જેમણે ચોરી નહોતી કરી એ તો આરામથી સૂઈ ગયા.

બસ એકને જ ઊંઘ નહોતી આવતી. એણે એક યુક્તિ કરી.



પોતાની લાકડી એણે એક વેંત કાપી દીધી. એણે મનમાં વિચાર્યું કે, 'આ બીરબલ પોતાની જાતને બહુ હોંશિયાર સમજે છે ને ! પણ હું એના કરતાં પણ ચડિયાતો છું. મારી લાકડી કાલે એક વેંત વધી જશે. પણ આજે મેં તો એક વેંત કાપી દીધી છે, એટલે મારી લાકડી બધાની લાકડી જેટલી જ રહેશે !'



બીજા દિવસે નોકરો દરબારમાં ભેગા થયા. બીરબલે નોકરો પાસેથી લાકડીઓ લઈ લીધી. એકની લાકડી બધા કરતાં એક વેંત ટૂંકી હતી. બીરબલે ચોરને પકડી લીધો.



બીરબલે ચોરને કહ્યું, ‘મૂર્ખ, આ લાકડીમાં કોઈ જાદુ-બાદુ નથી. હવે રાજાજી તને એવી ભારે સજા ફટકારશે, કે તને ખબર પડી જશે !’


ચોરને પરસેવો છૂટી ગયો અને એણે કાન પકડી લીધા કે બીરબલ જેવો કોઈ ચતુર નથી અને અપ્રમાણિકતા જેવી કોઈ મૂર્ખતા નથી.








# ચાલો રમીએ...


**એક કલર બીજા કલરને કાપે નહીં એ રીતે એક જ કલરના બે બોક્સને જોડો.**











# GAMES




મસ્ત મજાની ગેમ રમવા Visit કરો...

**kids.dadabhagwan.org**